| | | |
|---|---|---|
| સ્થાનિક/પ્રચલીત નામ | : | **લશ્કરી ઈયળ અથવા આર્મી વોમ** |
| વૈજ્ઞાનિક નામ | : | માયથેમીયા સેપેરેટા (*Mythimna separate*) |
| જીવાતની ઓળખ | : | • જીવાતને ઈયળના આગળના ભાગે અંગ્રેજી 'V' આકારે જોવા મળે છે.<br>• ઈયળને અડતા ગુચળું વળી ગયેલ જોવા મળે છે |







| | | |
|---|---|---|
| જીવાતથી થતું નુકશાન | : | જીવાત મુખ્યત્વે જુવાર,બાજરી,મકાઈ તેમજ અન્ય નીંદણ પાકો ઉપર જીવન ગુજારતી હોય છે. પરંતુ વાતાવરણની ફેરબદલીને કારણે આ વર્ષે ઘઉ ઉપર નુકશાન કરતી જોવા મળેલ છે. આ જીવાત મુખ્યત્વે રાત્રીના સમયે પાક ઉપર નુકશાન કરતી હોય છે. જે પાન ખાય છે અને ત્યારબાદ ઘઉંની ભુંગળી ઉપર પણ નુકશાન કરે છે. આ જીવાતનો ઉપદ્રવ એટલો વધે છે કે ટૂંકાગાળામાં આખુ ખેતર ખવાઈ જાય છે અને ઉત્પાદન ઉપર માઠી અસર પડે છે. |

| | | |
|---|---|---|
| નિયંત્રણ | : | • સામુહીક રીતે પ્રકાશપીંજરનો ઉપયોગ કરવાથી તેમના ફુદા પકડાતા હોવાથી પેઢી આગળ વધતી અટકાવી શકાય.<br>• ખડની ઢગલીઓ ખેતરમાં થોડા થોડા અંતરે કરવાથી આ જીવાતની ઈયળો તેમાં દિવસ દરમ્યાન સંતાતી હોવાથી તેને વીણીને નાશ કરી શકાય તેમજ ફેનવાલરેટ કીટનાશક પાઉડરનો ઉપયોગ કરીને પણ નાશ કરી શકાય.<br>• કવીનાલફોસ ૨૫% ઈસી દવા ૨૦ મી.લી./૧૦ લીટર પાણીમાં ઓગાળી સાંજના સમયે છંટકાવ કરવાથી અસરકારક નિયંત્રણ લાવી શકાય.<br>• સામાન્ય રીતે ૬ થી ૮ ઈયળો / ચો.ફુટમાં જોવા મળે ત્યારે નિયંત્રણના પગલા લેવા ખુબ જ જરૂરી છે. |

ખાસ નોંધ : આ ઈયળ આર્મીની જેમ એકસાથે આવી જતી હોવાથી આખા ખેતરમાં પાક ખવાઈ જાય છે ખૂબ જ ટુંકાગાળામાં ખુબજ નુકશાન જોવા મળે છે.